પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૫ | ૧૬ માર્ચ, ૨૦૨૨, બુધવાર; ફાગણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

યુક્રેનમાં ટીવી ટાવર પર રશિયાનો હુમલો

૧૯નાં મોત : રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યુ છે, સંખ્યાબંધ લોકો ઘાયલ પણ થયા, કીવ પર રશિયાએ મિસાઈલ એટેક કર્યો છે અને નવ માળના એપાર્ટમેન્ટ પર મિસાઈલ ખાબકી

કિવ,તા.૧૫

રશિયા અને યુક્રેન વચ્ચેના જંગને વીસ દિવસ થઈ ગયા છે.યુક્રેનનો દાવો છે કે, ડોનબાસમાં યુક્રેન અને રશિયાની સેના વચ્ચેના જંગમાં ૧૦૦ રશિયન સૈનિકોના મોત થયા છે.૬ રશિયન મિલિટરી વાહનોને તબાહ કરી દેવાયા છે.

બીજી તરફ રિવને નામના શહેરના ટીવી ટાવર પર રશિયાએ હુમલો કર્યો છે અને તેમાં ૧૯ લોકોના મોત થયા હોવાનો દાવો આ પ્રાંતના ગર્વનરે કર્યો છે.હાલમાં પણ અહીંયા રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યુ છે.સંખ્યાબંધ લોકો ઘાયલ પણ થયા હોવાના અહેવાલો છે.યુક્રેનની રાજધાની કીવ પર રશિયાએ મિસાઈલ એટેક કર્યો છે અને નવ માળના એપાર્ટમેન્ટ પર મિસાઈલ ખાબકી છે.જેમાં બે લોકોના મોત થયા છે.બીજા સેકડો લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે.



● અનુસંધાન પાન-૭ પર

ચીન રશિયાને મદદ કરશે તો ગંભીર પરિણામ આવશે : બાયડેન

રશિયાને વૈશ્વિક પ્રતિબંધો, સજા ટાળવામાં મદદ કરવાથી દૂર રહે, તેમણે કહ્યું કે તેઓ રશિયાને આર્થિક ક્ષેત્રમાં આગળ વધવા નહીં દે

નવી દિલ્હી,તા.૧૫

મંગળવારે રશિયા-યુક્રેન યુદ્ધનો ૨૦મો દિવસ છે. રશિયા યુક્રેનના શહેરોના રહેણાંક વિસ્તારોમાં સતત બોમ્બમારો કરી રહ્યું છે. યુદ્ધમાં રશિયાની હાલત પણ ખરાબ થઈ રહી છે. અમેરિકન મીડિયાએ દાવો કર્યો છે કે રશિયાએ હુમલામાં ઉપયોગ કરવા માટે ચીન પાસેથી સૈન્ય ઉપકરણોનો સહયોગ માંગ્યો છે. આ પછી સોમવારે રોમમાં અમેરિકા અને ચીનની સરકારોના ટોચના સહયોગી દેશો વચ્ચે બેઠક યોજાઈ હતી. અમેરિકાએ ચીનને ચેતવણી આપી છે કે યુક્રેન યુદ્ધમાં રશિયાની મદદ ન કરે. અમેરિકાએ સ્પષ્ટ કહ્યું કે રશિયાને સૈન્ય મદદ આપવાના કિસ્સામાં ચીનને તેના પરિણામો ભોગવવા પડશે. જો કે, રશિયાના રાષ્ટ્રપતિ કાર્યાલય, ક્રેમલિને સ્પષ્ટ કર્યુ છે કે તેણે ચીન પાસેથી કોઈ સૈન્ય મદદ માંગી નથી. ચીન દ્વારા રશિયાને નાણાકીય સહાયની ઓફર કરવાની સંભાવના રાષ્ટ્રપતિ જો બાયડેન માટે ઘણી ચિંતાઓમાંની એક છે. વ્હાઈટ હાઉસના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જેક સુલિવે સ્પષ્ટપણે ચીનને ચેતવણી આપી હતી કે તે રશિયાને વૈશ્વિક પ્રતિબંધો, સજા ટાળવામાં મદદ કરવાથી દૂર રહે. તેમણે કહ્યું કે તેઓ રશિયાને આર્થિક ક્ષેત્રમાં આગળ વધવા નહીં દે. સંવેદનશીલ બાબતો પર ચર્ચા કરતા એક અમેરિકી અધિકારીએ કહ્યું કે તાજેતરના દિવસોમાં રશિયાએ યુક્રેન સાથે ચાલી રહેલા યુદ્ધમાં આગળ વધવા માટે લશ્કરી સાધનો સહિત ચીનના સમર્થનની વિનંતી કરી હતી. તેનો અહેવાલ ફાઈનાન્સિયલ ટાઈમ્સ અને ધ વોશિંગ્ટન પોસ્ટ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો. યુક્રેન પર રશિયાના આક્રમણથી ચીન તેના બે સૌથી મોટા વેપારી ભાગીદારો, યુએસ અને યુરોપિયન યુનિયન સાથે સંવેદનશીલ સ્થિતિમાં મૂકાઈ ગયું છે. જોકે, આ સમગ્ર મામલે ક્રેમલિને કહ્યું કે તેણે ચીન પાસેથી કોઈ સૈન્ય મદદ માંગી નથી.

રશિયા-અમેરિકા વચ્ચે અંતરિક્ષમાં ટેન્શન ચાલે છે

જમીનથી લઈને આકાશ સુધી હુમલા ચાલુ છે, ન તો પુતિન માનવા તૈયાર છે અને ન તો જેલેન્સ્કી નમવા તૈયાર છે

વોશિંગ્ટન,તા.૧૫

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો આજે ૨૦મો દિવસ છે. રશિયન સેના યુક્રેનમાં તબાહી મચાવી રહી છે. જમીનથી લઈને આકાશ સુધી હુમલા ચાલુ છે. ન તો પુતિન માનવા તૈયાર છે અને ન તો જેલેન્સ્કી નમવા તૈયાર છે. આ યુદ્ધમાં બંને દેશને જાનમાલનું ભારે નુકસાન થઈ રહ્યું છે. આ બધા વચ્ચે અંતરિક્ષથી એક રાહતભર્યા સમાચાર આવ્યા છે. એએફપીના જણાવ્યાં મુજબ નાસાએ કહ્યું છે કે બંને દેશોની લડાઈથી થયેલા ગ્લોબલ તણાવની અસર ઈન્ટરનેશનલ સ્પેસ એજન્સીના સંચાલન એટલે કે તેના કોઈ પણ ઓપરેશન પર પડ્યું નથી. નાસાએ એ પણ સ્પષ્ટ કર્યું કે આ મહિનાના અંતમાં રશિયન કેપ્સ્યુલ પર સવાલ અમેરિકી અંતરિક્ષ યાત્રીની પહેલેથી નક્કી વાપસી પર કોઈ પ્રભાવ પડ્યો નથી. રશિયન સૈનિકોના હુમલાથી યુક્રેન બરબાદ થઈ રહ્યું છે. યુક્રેન પર કબજા માટે પુતિન આર્મી સતત શહેરોને નિશાન બનાવી રહી છે. ખારકીવ, કીવથી લઈને મારિયુપોલ જેવા શહેરો પર રશિયાના સૈનિકો એક સાથે ડ્રોનથી બોમ્બવર્ષા કરી રહ્યા છે. શહેરની ઈમારતોની ચારેબાજુ હવાઈ હુમલા થઈ રહ્યા છે. આકાશમાં ચારેબાજુ કાળા ધૂમાડાના ગોટેગોટા નજરે ચડે છે.

ગાંધી પરિવાર નેતાગીરી છોડી અન્યને જવાબદારી સોંપે : સિબ્બલ

૨૦૨૦માં કોંગ્રેસમાં સુધારાની માગ સાથે ૨૩ નેતાઓનું જૂથ બનાવવામાં આવ્યું હતું, હવે આ જૂથના નેતાઓ ખુલ્લેઆમ નેતૃત્વ પર સવાલો ઉઠાવી રહ્યા છે

નવીદિલ્હી,તા.૧૫

પાંચ રાજ્યોમાં કારમી હાર, નેતૃત્વ પરિવર્તનની માગ, કોંગ્રેસમાંથી નેતાઓનુ પલાયન

સહિત આવા અનેક મુદ્દા છે, જેના પર કોંગ્રેસના જૂના નેતાઓનુ દર્દ છલકાઈ રહ્યુ છે. લગભગ ૧૩૦ વર્ષના ઈતિહાસમાં કોંગ્રેસનુ કદાચ અત્યાર કરતા વધુ પતન ક્યારેય થયુ નથી. આ પતનથી કોંગ્રેસના જૂના નેતાઓ અત્યંત ચિંતિત અને નેતૃત્વમાં પરિવર્તનની માગણી કરી રહ્યા છે.

કોંગ્રેસના દિગ્ગજ નેતા કપિલ સિબ્બલ પણ આમાં સામેલ છે. ગ્રૂપ ૨૩ના નેતાઓમાં કપિલ સિબ્બલ એવા પહેલા નેતા છે જેમણે સોનિયા ગાંધીને રાજીનામું આપવા માટે ખુલ્લેઆમ અપીલ કરી છે. તેમણે કહ્યું કે હવે ગાંધી પરિવારે કોંગ્રેસની નેતાગીરીનો ભાર છોડીને કોઈ અન્ય નેતાને જવાબદારી સોંપવી જોઈએ.

કપિલ સિબ્બલે કહ્યું કે પાર્ટીનું નેતૃત્વ કોયલની ભૂમિ છે. ૮ વર્ષથી પક્ષના સતત પતન છતાં પણ જો તેઓ સજાગ ન હોય તો તે કોંગ્રેસ માટે કમનસીબ છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૦માં કોંગ્રેસમાં સુધારાની માગ સાથે ૨૩ નેતાઓનું જૂથ બનાવવામાં આવ્યું હતું. હવે આ જૂથના નેતાઓ ખુલ્લેઆમ નેતૃત્વ પર સવાલો ઉઠાવી રહ્યા છે. આ તમામ મુદ્દાઓ પર કોંગ્રેસના સૌથી ઊંચા નેતાઓમાંના એક કપિલ સિબ્બલનુ દર્દ છલકાયુ છે. જોકે તેમની વાત સાંભળનાર કોઈ નથી.

હિજાબ ઈસ્લામનો ભાગ નથી : કર્ણાટક હાઈકોર્ટ

બેંગ્લુરુ,તા.૧૫

કર્ણાટક હાઈકોર્ટની ફુલ બેન્ચે હિજાબ વિવાદ કેસમાં પોતાનો ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે કહ્યું છે કે હિજાબ ઈસ્લામનો ભાગ નથી. આ આદેશ સાથે હાઈકોર્ટે વિદ્યાર્થિનીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને પણ ફગાવી દીધી છે. શૈક્ષણિક સંસ્થાઓમાં હિજાબને લઈને હાઈકોર્ટમાં પહોંચેલી ફુલ બેન્ચે ૧૫ દિવસથી વધુ સમય સુધી સુનાવણી કરી અને બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ગયા અઠવાડિયે નિર્ણય અનામત રાખ્યો હતો. અહીં મામલાની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીન રાજ્ય સરકારે કર્ણાટકના જિલ્લાઓમાં કલમ ૧૪૪ લાગુ કરી છે. જે વિસ્તારો અતિસંવેદનશીલ છે ત્યાંની શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

દક્ષિણ કન્નડના ડેપ્યુટી કલેક્ટર ડૉ. રાજેન્દ્ર કે.વી.એ જણાવ્યું કે મંગળવારે તમામ શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. તેમણે કહ્યું કે એક્સટર્નલ પરીક્ષાઓ સમયપત્રક મુજબ જ લેવામાં આવશે પરંતુ મંગળવારે જે ઈન્ટરનલ પરીક્ષાઓ યોજાવાની હતી તે મોકૂફ રાખવામાં આવી છે. ઉડુપીના ડીએમ કુરમા રાવ એમએ પણ મંગળવારે તમામ શાળાઓ અને કોલેજો બંધ રાખવાનો આદેશ આપ્યો છે. શિવમોગા જિલ્લામાં શાળા કોલેજો પણ બંધ કરી દેવામાં આવી છે. અહીં ૨૧ માર્ચ સુધી કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. એસપી બીએમ લક્ષ્મી પ્રસાદે જણાવ્યું કે KSRPની ૮ કંપનીઓ, ડિસ્ટ્રિક્ટ આર્મ્ડ રિઝર્વની ૬ કંપનીઓ અને

● અનુસંધાન પાન-૭ પર

યુએસ બોન્ડ યિલ્ડ વધતાં સોનાના ભાવમાં સપ્તાહમાં જ કડાકો

નવી દિલ્હી,તા.૧૫

રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે સોનું ઐતિહાસિક સપાટીથી નજીક પહોંચી ગયું હતું. તા.૮ માર્ચના સોનું ૨૦૬૦ ડોલર પ્રતિ ઔંસની સપાટીએ હતું.

જોકે, અમેરિકામાં ફેડરલ રિઝર્વ બુધવારે વ્યાજનો દર વધારશે અને આ વર્ષે કુલ ૧.૭૫ ટકા જેટલો વ્યાજ દર અમેરિકામાં થઈ જશે એવી અપેક્ષા વધી રહી છે. આ અપેક્ષાના કારણે અમેરિકાના બોન્ડના યિલ્ડ ૨.૨ ટકા જેટલા ઊંચા થઈ જતા સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. સોનું ઘટી ૧૯૪૦ ડોલરની સપાટીએ આવી ગયું છે

નોઈડાના ટ્વિન ટાવર્સ ૯ સેકન્ડમાં ૨૨ મેએ તોડી પડાશે

નોઈડા,તા.૧૫

દેશના સૌથી ઉંચા રેસિડેન્શિયલ ટાવર્સમાંના એક એવા નોઈડાના ટ્વીન ટાવર્સને સુપ્રીમ કોર્ટના આદેશ બાદ તોડી પાડવાની તમામ તૈયારી પૂર્ણ કરી દેવાઈ છે. જે બે ટાવર્સ ધરાશાયી કરવામાં આવશે તેમાંનો એક ૩૨ માળનો જ્યારે બીજો ૩૧ માળનો છે. ૩૧ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ સુપ્રીમ કોર્ટે નિયમોનું ઉલ્લંઘન કરીને બનાવાયેલા આ હાઈરાઈઝ ટ્વીન ટાવર્સને જમીનદોસ્ત કરવાનો ઓર્ડર આપ્યો હતો. આખરે કોર્ટના આદેશના નવ મહિના બાદ ૨૨ મેના રોજ બપોરે અઢી વાગ્યે આ ટાવર્સને આયોજનબદ્ધ રીતે વિસ્ફોટ કરીને માત્ર ૯ જ સેકન્ડમાં તોડી પાડવામાં આવશે.



પક્ષમાં વંશવાદને પ્રોત્સાહન નહીં અપાય: વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવી દિલ્હી,તા.૧૫

પાંચમાંથી ચાર રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં શાનદાર જીત બાદ આજે ભાજપની સંસદીય દળની બેઠક બોલાવવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ બેઠકમાં પીએમ મોદીએ સ્પષ્ટપણે કહ્યુ હતુ કે, વિધાનસભા ચૂંટણીઓમાં જો કોઈ નેતાની ટિકિટ કપાઈ છે તો તે મારી જવાબદારી છે. ઉલ્લેખનીય છે કે, ભાજપના સાંસદ રીટા બહુગુણા જોશીએ પોતાના પુત્ર માટે લખનૌથી ટિકિટ માંગી હતી પણ પાર્ટીએ ટિકિટ આપી નહોતી.આ સિવાય ઉત્તરાખંડના પૂર્વ ભાજપના નેતા હરક સિંહ રાવતે પણ પોતાની પુત્રવધુ માટે ટિકિટ માંગી હતી અને ભાજપે ટિકિટ નહીં આપતા તેઓ કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા.

પીએમ મોદીએ તો આ બેઠકમાં એમ પણ કહ્યુ હતુ કે, પાર્ટીમાં વશંવાદને પ્રોત્સાહન નહીં અપાય, ભાજપમાં પરિવારવાદની રાજનીતિ નહીં ચાલે.સાંસદોના સંતાનોને મારા કહેવા પર ચૂંટણીમાં ટિકિટ આપવામાં આવી નહોતી.

'ધ કાશ્મીર ફાઈલ્સ' જેવી ફિલ્મો બનતી રહેવી જોઈએ

નવી દિલ્હી,તા.૧૫

દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીની સંસદીય દળની બેઠકમાં એક રસપ્રદ વાત જોવા મળી. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરમાં થઈ રહેલી બેઠકમાં પાર્ટીનાનેતાઓએ પીએમ નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરતા જીત માટે અભિનંદન પાઠવ્યા. પીએમ મોદીના સ્વાગત દરમિયાન જ્યારે તેમને મોટો હાર પહેરાવવામાં આવી રહ્યો હતો ત્યારે અચાનક તેમણે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાને આગળ કરી દીધા. નડ્ડા તો થોડી પળો માટે જાણે સ્તબ્ધ થઈ ગયા. જો કે ત્યારબાદ થોડીવારમાં બંને નેતાઓ એક સાથે માળાની ફ્રેમમાં જોવા મળ્યા. બેઠકમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ.

ભાજપની સંસદીય દળની બેઠકમાં સૂત્રોના હવાલે એ પણ જાણવા મળ્યું છે કે પીએમ મોદીએ કહ્યું કે કાશ્મીર ફાઈલ્સ જેવી ફિલ્મો બનતી રહેવી જોઈએ. આવી ફિલ્મોથી સત્ય સામે આવે છે. એક લાંબા સમય સુધી જે સત્યને છૂપાવવાની કોશિશ કરાઈ તેને સામે લાવવામાં આવી રહ્યું છે. આ કારણએ જે લોકો સત્ય છૂપાવવાની કોશિશ કરતા હતા તેઓ આજે તેનો વિરોધ કરી રહ્યા છે.